ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ
નિગમને વર્ષ ૨૦૨૨-૨૩ માટેની શેરમૂડીની
ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૭/૮૪૬/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૬/૦૮/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) આ વિભાગનો તા.૨૮/૦૬/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:વવજ/૧૦૨૦૧૭/૮૪૬/અ.૧

(3) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૭/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/૨૦૨૨-૨૩/૮૬૮

**આમુખઃ-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના તા.૨૮/૦૬/૨૦૨૨ના ઠરાવથી નિગમને વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શેરમૂડીની જોગવાઇ માંથી પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે કરવામાં આવેલ છે. વંચાણે લીધી ક્રમાંક (3) પર નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૨૬/૦૭/૨૦૨૨ના પત્રથી આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ માંથી બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ માંથી બીજા હપ્તા પેટે રૂ.૨૫.૦૦ લાખ (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા)ની શેરમૂડી ફાળાની ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણએ તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે. અને નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) નિગમની દરખાસ્ત અન્વયે રીલીઝ કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી થયેલ ખર્ચની વિગતો સહિત હવે પછી દરખાસ્ત કરવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિતઆદિજાતિઓ.અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ. પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય.ગૌણસદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય. પેટા સદર- ૦૧ ડીએનટી-૯ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને શેરમૂડી ફાળો હેઠળ ઉધારવો તથા તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૫/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ,ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., ગાંધીનગર.
(૭) સિલેકટ ફાઇલ